Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-3,December-2017

# વૃદ્ધ મહિલાઓની પરિસ્થિતિ અને અધિકારોનું રક્ષણ: એક અભ્યાસ

હિના ડી. રાવલ

એમ.એ,એમ.એડ્

401, સુભદ્રા એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલની પાસે,

નવા વાડજ, અમદાવાદ- 380013.

**સારાંશ-**

મનુષ્ય જીવન કાળમાં મુખ્યત્વે ચાર અવસ્થાઓ આવેલી છે. (1) બાલ્યાવસ્થા (2) યુવાવસ્થા (3) પુખ્તાવસ્થા (4) વૃદ્ધાવસ્થા. આ ચારે અવસ્થાઓમાં વૃદ્ધાવસ્થાએ અતિસંવેદનશીલ અવસ્થા છે. જેમાં માનવી શારીરિક અને માનસિક રોગોથી પીડાતો હોવાથી અન્ય ઉપર આધાર રાખે છે. સંવેદનશીલ અને જવાબદાર સમાજ દ્વારા તેમની અવગણના કરી શકાતી નથી. વૃદ્ધો હજારો વર્ષની સંયુક્ત કુટુંબ વ્યવસ્થામાં આજે વિખૂટા પડેલાની જેમ જીવન નિર્વાહ જીવે છે. આજના સમયમાં વૃદ્ધ મહિલાઓ શારીરિક રીતે અશક્ત હોવાથી તેઓ પૈસા કમાવવા માટે અસમર્થ છે. તેઓને નાણાંકીય ભીડને કારણે જીવન નિર્વાહ કરી બીજા ઉપર આધાર રાખવો પડે છે. તેઓ પોતાના બાળકો માટે બોઝ હોય તેવું તેમના મનમાં હોય છે. પ્રસ્તુત સંશોધનમાં કાનૂની, સામાજિક, નૈતિક, અને સરકારી ધારાધોરણ મુજબ વૃદ્ધ લોકોમાં માનવ અધિકારોની પીડા અને યાતનાનો અંત કેવી રીતે થાય તેની અભ્યાસ કરવામાં આવ્યો છે. આ લેખ પણ ભારતના વૃદ્ધ વ્યક્તિઓના અધિકારોના રક્ષણ માટે કાયદાઓની નીતિઓ અને દિશા નિર્દેશનો અભ્યાસ કરે છે. વિશ્વમાં દર વર્ષે "૧લી ઓક્ટોબરે વરિષ્ઠ નાગરિક દિવસ"ની

ઉજવણી કરવામાં આવે છે. તેમના અધિકારો જોઈએ તો તેમને સ્વતંત્રતાનો હિસ્સો તથા ભાગ મેળવવાનો, સારસંભાળનો, આત્મ નિર્ભરતાનો અને મોભાનો અધિકાર મળેલ છે. પ્રસ્તુત સંશોધનમાં વૃદ્ધ મહિલાઓની પરિસ્થિતિ અને તેમના અધિકારોના રક્ષણ વિશેનો અભ્યાસ હાથ ધરેલ છે.

**પ્રસ્તાવના** :

માતા-પિતા બાળકને જન્મ આપે છે. તેમનો ઉછેર કરવામાં રાત –દિવસ એક કરે છે.તેઓ મોટા થઇને જીવનમાં આગળ વધે તે માટે ખૂબજ મહેનત કરે છે,પણ જયારે એજ માતા-પિતા ઉંમર વધતા વૃદ્ધ બને છે, ત્યારે એમને બાળકોની ખૂબજ જરૂર હોય છે.આપણી પવિત્ર ભારતીય સંસ્કૃતિ વૃદ્ધ માબાપ વિશે વ્યાખ્યા આપે છે કે વૃધ્ધિ પામે તે વૃદ્ધ. આજના સંતાનો માબાપને લાતમારીને ઘરમાંથી કાઢી મૂકે છે, અને કેટલીક વાર તો ઘરડાઘરમાં પણ મૂકી આવે છે. વૃદ્ધાવસ્થામાં વૃદ્ધો ઘણી શારીરિક અને માનસિક આપત્તિઓ અને સંઘર્ષોનો સામનો કરવો પડે છે.આ  સમયે તેઓ એકલતા અનુભવે છે,અને તેથી તેમને આ સમયે પ્રેમ અને હુંફની જરૂર હોય છે.આ માટે વૃદ્ધો એ પોતાની પરિસ્થિતિ વિશેની સમજ કેળવવી પડશે અને પોતાના અધિકારો વિશેની જાગૃતતા લાવવી પડશે.પ્રસ્તુત સંશોધનમાં વૃદ્ધ મહિલાઓની પરિસ્થિતિ અને તેમના અધિકારો વિશે વિગતે ચર્ચા કરવામાં આવી છે.

**1. વૃદ્ધ મહિલાઓની સમસ્યાઓ** :

- ❖ મહિલાઓની બેરોજગારી અને આર્થિક અસુરક્ષા.
- ❖ તબીબી વીમા યોજનાઓને અભાવે મહિલા વૃદ્ધાઓની સારવારમાં તકલીફ અનુભવાય છે.
- ❖ મહિલાઓ શારીરિક અને માનસિક સમસ્યાઓ જેમ કે સમાજમાં તેમની અવગણનાનો સામનો કરવો પડે છે.
- ❖ આજના સમયમાં જનરેસન ગેપને લીધે વૃદ્ધ મહિલાઓને ઘર છોડવું પડે છે,પરિણામે આર્થિક સમસ્યા ઘનિષ્ઠ બને છે.

**2. ભારતીય બંધારણના સંદર્ભમાં** :

ભારતીય બંધારણ અનુચ્છેદ-21 મુજબ તેમને જીવન અને શારીરિક સ્વતંત્રતા રક્ષણની ખાતરી આપવામાં આવે છે. જયારે કોઈ વ્યક્તિને તેના જીવન કે શારીરિક સ્વતંત્રતા વંચિત કરતા હોય ત્યારે કાયદાથી સ્થાપેલ કાર્યવાહી અનુસરવી જોઈએ. સર્વોચ્ચ અદાલત દ્વારા "આદેશમાં દરેક વ્યક્તિને શોષણ રહિત માનવ ગૌરવ સાથે રહેવાનો અધિકાર છે".

રાજ્યનીતિના માર્ગદર્શન સિદ્ધાંત વિભાગ-4 મુજબ અનુચ્છદ-39 (એ) પુરૂષ અને સ્ત્રીના નાગરિકને આજીવિકાનું પૂરતું સાધન મેળવવાનો સમાન અધિકાર રહે. અનુચ્છેદ-41 મુજબ રાજય પોતાની આર્થિક સ્થિતિ અને વિકાસની મર્યાદામાં રહીને, વૃદ્ધાવસ્થા, માંદગી અને અપંગતાના પ્રસંગે અને વિના વાંકે વેઠવી પડતી તંગદિલી, શિક્ષણ અને જાહેરાતની મદદ મળી રહે તે માટે અસરકારક જોગવાઈ કરવાની કરશે.

**3. હિન્દુનાં કાયદા હેઠળ રક્ષણ** :

હિન્દુ દત્તક વિધાન ભરણપોષણના ધારો-1956 ની કલમ-20 મુજબ બાળકો અને વયોવૃદ્ધ માતા-પિતાનું ભરણપોષણ.

(1) બાળક જ્યાં સુધી સગીર હોય ત્યાં સુધી પોતાનાં પિતા અથવા માતા પાસે માંગી શકે.

(2) વયોવૃદ્ધ અથવા અશકત માતા-પિતા પોતાની પુત્ર/પુત્રી પાસે ભરણપોષણ માંગી શકે છે.

**4. મુસ્લિમ કાયદા હેઠળ રક્ષણ** :

મુસ્લિમ કાયદા હેઠળ વૃદ્ધ વયનાં માતા-પિતાને જાળવણી કરવાની પુત્રની ફરજ છે.

**5. ખ્રિસ્તી અને પારસી કાયદા હેઠળ રક્ષણ** :

ખ્રિસ્તી અને પારસી કાયદા મુજબ માતા-પિતાની જાળવણી કરવી તે વ્યક્તિગત કાયદો છે. જાળવણી લેવા માંગતા માતા-પિતા ફોજદારી કાર્યવાહી જોગવાઈ હેઠળ અરજી કરવાની હોય છે.

**6. ફોજદારી કાયદા હેઠળ રક્ષણ** :

ફોજદારી કાર્યવાહી કાયદો 1973 માં પ્રકરણ-6 માં પત્નીઓ, બાળકો અને માં-બાપનાં ભરણપોષણની કલમ-125 (1) (અ) જે મુજબ તેઓ પોતાનું ભરણપોષણ કરી શકવાને અસમર્થ હોય ત્યારે કાર્યવાહી કરી શકે છે.

**7. વૃદ્ધ મહિલાઓ માટે કાયદાકીય જોગવાઈ** :

માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોના કલ્યાણ અને ભરણપોષણ અધિનિયમ -2007 અન્વયે આ રાજ્ય સરકાર દ્વારા જાહેરનામું બહાર પાડયું.જે માતા – પિતા દત્તક અથવા વૃદ્ધ માતા પિતા જે ભરણપોષણ ન્યાયપંચ કાર્યવાહી કરી શકે છે. જેના ન્યાયપંચ દ્વારા 90 દિવસમાં અને બીજા વધારતા 30 દિવસ કરશે. ન્યાયપંચ દ્વારા અરજી નિકાલ સુધી ભરણપોષણના આદેશ કરવાની સત્તા છે. જો કસુરવારને એક માસની કેદની જોગવાઈ છે. ન્યાયપંચ આદેશની નકલ વિના મુલ્યે આપશે. સંતાનો દેશ-વિદેશમાં રહેતા તો પણ સમન્સ બજાવી શકે છે. ભરણપોષણ અધિકારી જે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી કક્ષા હશે. રાજ્ય સરકારનું જાહેરનામું પ્રકાશિત થયા પછી છ માસ સુધી વધુ ન્યાયપંચ તેની રચના કરશે. જેથી સરળતાથી કામકાજ થઇ શકે. ન્યાયપંચ ભરણપોષણની અરજી સંબંધિત બાબત ન્યાયીક નિકાલ અર્થે એક કે વધુ વ્યક્તિઓની જેઓ તપાસ સંબંધિત જ્ઞાન ધરાવે તેની મદદ લેશે સજારૂપે રૂ.10,000 સુધી કરી શકે છે. અયોગ્ય રજૂઆત કે ભૂલ કે પરિસ્થિતિ પરિવર્તન ફેરફાર કરવા ન્યાયપંચ સક્ષમ છે. ન્યાયપંચ આદેશ કોડ ક્રિમીનલ પ્રોસીઝર – 1975 પ્રકરણ –9 મુજબ અસરથી લાગુ પડશે. ભરણપોષણ આદેશ થયા પછી 30 દિવસમાં ન્યાયપંચ

જણાવે તે રીતે ચુકવણું કરવાનું રહેશે. જો મોડું થાય અને કસુરવાર થાય તો 5% થી 18% વ્યાજ પણ ભરવાનો આદેશ કરી શકે છે.

(1) અપીલ કેવી રીતે કરી શકાય ? : દરેક રાજ્યમાં સરકાર દ્વારા જિલ્લાઓમાં એક એપલેટ ટ્રિબ્યુનલની રચના કરી શકે છે. જ્યાં જીલ્લા મેજીસ્ટ્રેટથી ઓછું પર ધરાવતી વ્યક્તિની નિમણુંક થઈ શકશે નહિ. જે 60 દિવસમાં અપીલ કરવાની રહેશે.

(2) ઘરડા ઘરની રચના : દરેક જિલ્લાદીઠ 150 વ્યક્તિ રહી શકે છે. જેમાં દાક્તરી સારવાર તથા મનોરંજનની

(3) સગવડતા વૃદ્ધાશ્રમો સ્થાપવા તથા તેની જાળવણી કરવી.

(4) આરોગ્ય સંબંધિત રચનાઓ : સરકારી દવાખાનાઓ, જીર્યાટીક વોર્ડ, અલગ લાઈનની વ્યવસ્થા, દવા તથા ભોજનની વ્યવસ્થા કરવી જોઈએ.

(5) સંપતિ અને જીવનના સંરક્ષણ અંગેનું રક્ષણ : દૂરદર્શન, રેડિયો અને અખબારો દ્વારા જાહેરાત કરવી. ન્યાયિક અધિકારીઓ અને પોલીસ અધિકારીઓને સમયાંતરે સંવેદનશીલતા અને જાગૃતતા લાવવા તાલીમ આપવી. કાયદો, ગૃહ વિભાગ, આરોગ્ય અને કલ્યાણની સેવા આપતા મંત્રાલયો સાથે સંકલન રાખીને વરીષ્ઠ નાગરિકોના કલ્યાણ સંબંધી મુદ્દાઓને રજૂ કરશે અને તેના પાલન અંગે સમયાંતરે પુનઃ વિચારણા કરશે.

**8. વૃદ્ધ નાગરિકો માટે નેશનલ પોલીસીની રૂપરેખા**

ભારતીય સિનિયર સિટીઝન્સ માટે નીતીઓ નીચે મુજબ છે.

- ઝડપથી કોર્ટના કેશોનો નિકાલ.
- જીલ્લા સ્તરે વૃદ્ધ દર્દીના વોર્ડની અલગથી સ્થાપવી.
- વરિષ્ઠ નાગરિકો માટે નાણાંકીય વર્ષમાં 2014 – 15 માં કરમાં રાહત આપી છે.
- બેન્કો અને વીમા ક્ષેત્રમા વરિષ્ઠ નાગરિકને ઉંચા દરે વ્યાજ પૂરું પાડ્યું. પરંતુ વ્યાજદરમાં તફાવત હાજર માર્જીન ખુબ જ નહીવત છે.

- ભારતીય રેલ્વે વરિષ્ઠ નાગરિકો માટે ડિસ્કાઉન્ટ આપે છે. પરંતુ તે અપૂરતું ગણવામાં આવે છે. રાજ્ય માર્ગ પરીવહનની બસોમાં પણ માર્ગ પરિવહન દ્વારા સમાન મુસાફરીની રાહત તેમને ઘણી મદદરૂપ થઈ રહેશે.

**9. તારણો અને સૂચનો:**

**A** આર્થિક અસ્થિરતાને કારણે દયાપાત્ર જીવન જીવવાની ફરજ પડે છે. વૃદ્ધાવસ્થાની વ્યક્તિઓ માટે સામાજીક સુરક્ષા નેટવર્ક રહેવું જોઈએ અને વૃદ્ધાવસ્થા માટે સહાયની ખાત્રીની અગ્રેતા હોવી જોઈએ.સેવાઓના પેકેજ જીવનની સારી ગુણવત્તા માટે ખાત્રી હોવી જ જોઈએ.

**B** વરિષ્ઠ નાગરિકો યોગ્ય તેમના બાળકો પાસેથી મદદ સાથે સમાજની વિચાર સુરક્ષા પૂરી

પાડવા માટે બંધારણ ની ફરજ છે.સંસદની જરૂરિયાતો પુનરાવર્તન દ્વારા તાજેતરના કાયદા વધુ અસરકારક બનાવવા માટે જોગવાઈઓ કરવી જોઈએ .વરિષ્ઠ નાગરિકોનાં જીવન ગુણવત્તા સુધારવા માટે ક્રમશ: નાણાંકીય અને ખાધ સુરક્ષા, હેલ્થ કેર, આશ્રય સાથે જીવન અને મિલ્કત રક્ષણની ખાત્રી જરૂરી છે.

**C** સિનિયર સીટીઝન માટે ટ્રાન્સપોર્ટ સેવામાં પણ કન્સેસન આપવું.

**D** શારીરિક રોગો ના નિવારણ માટે સુવિધાયુક્ત હોસ્પિટલ સેવાઓ આપવી.

**E** અદાલતો માં મોટાભાગ ના કેસો પેન્ડીંગ હોવાથી તેને ફાસ્ટ ટ્રેકમાં ફેરવવા કારણ કે, વરિષ્ઠ નાગરિકોને ઝડપી કેશ નું નિવારણ મળી શકે.

**10. ઉપસંહાર:**

આમ પ્રસ્તુત અભ્યાસ માં આજ ના સમય ની વૃદ્ધ મહિલાઓની પરિસ્થિતિ અને તેમના અધિકારો વિશે વિસ્તૃત અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમાં વૃદ્ધ મહિલા ઓના રક્ષણ **અને** અધિકાર વિશે માહિતી આપવમાં આવી છે.

**સંદર્ભસૂચિ**

**1** ચાવડા, એન. એમ. (2008). ધ મેન્ટેનન્સ ઓફ વેલ્ફેર પેરેન્ટ એન્ડ સિનિયર સિટીઝન એક્ટ–2007.પ્રિયા.લોહાઉસ.

**2** ગોસ્વામી, આર. જે. (2012). કમ્પરેટીવ ઓન ધ મેન્ટેનન્સ ઓફ વેલ્ફેર પેરેન્ટ એન્ડ સિનિયર સિટીઝન એક્ટ -2007. (પ્રથમ આવૃત્તિ).

**3** Ramchandran, Hinduism In The Context Of Manusmriti, Vedas & Bhagavad Gita.Vista Publication.

4 http://www.hinduwebsite. Com/sacredscripts/Hinduism/ dharma/manusmiriti.asp.